विद्या सर्वार्थ साधिका

# આનંદાલય
## સામયિક પરીક્ષા
## ધોરણ-૮

વિષય: ગુજરાતી — કુલ ગુણ : ૨૦

તા :૨૧.૯.૨૦૧૯ — સમય : ૧કલાક

નામ : ____________________ ધોરણ: _____ ક્રમાંક: ________________

પ્ર. ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

૧ ધોળકાના તળાવનાં બાંધકામમાં કઈ મુશ્કેલી હતી ? ૨

૨ બંકીમબાબુએ કર્નલ વિરુદ્ધ શા માટે કેસ દાખલ કર્યો ? ૨

પ્ર.૨ નિર્દેશ પ્રમાણે લખો.

અ સમાનાર્થી શબ્દ આપો. ૪

| | | |
|---|---|---|
| ૧ | ધારો | |
| ૨ | રમણીય | |
| ૩ | જનની | |
| ૪ | વ્યથા | |

બ વિરોધાર્થી શબ્દ આપો. ૪

| | | |
|---|---|---|
| ૧ | અનાદર | |
| ૨ | ત્યાગ | |
| ૩ | દયાળુ | |
| ૪ | બચત | |

પ્ર. ૩ અ. ખાલી જગ્યા ૨

૧ વરસાદની હેલા થઈ.ચકલી _________બની બની ગઈ.

૨ __________દેવી જ પાછળથી મીનળદેવી તરીકે ઓળખાયા.

બ. નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો. ૨

| | | |
|---|---|---|
| ૧ | મીનળદેવીએ સોમનાથના મંદિર પર જાત્રા વેરો નાંખ્યો. | |
| ૨ | બંકીમબાબુ નિયમિત ગીતાના પાઠ કરતા હતા. | |

પ્ર ૪ નીચે આપેલ વાર્તા વાંચીને પ્રશ્નોનાં જવાબ આપો ૪

એક ગામ હતું. તેનું નામ ધરમપુર હતું.ગામમાં બધા સુખેથી રહેતા હતા.ગામના વડીલો કહેતા હતા કે ગામમાં કેટલાક લોકોને શહેરની હવા લાગી ગઈ છે.

આ ગામમાં રમણલાલ નામના ૭૫ વરસના એક વૃદ્ધ રહેતા હતા.એમના પત્ની સરવાણીબહેન મરણ પામ્યા હતા.રમણલાલ પોતાના પુત્ર કમલેશ, કમલેશની પત્ની વીણા અને કમલેશના પુત્ર સોનુ સાથે રહેતા હતા.

ગામમાં બધા તેમને રમણદાદા કહીને બોલાવતા હતા.તેમના દોસ્તો વાતો કરતા કે રમણભાઈએ તેમના પુત્ર કમલેશને ભણાવીગણાવીને કેવો હોંશિયાર બનાવ્યો છે.કમલેશ શિક્ષક હતો.રમણલાલ સ્ટેશન માસ્ટર હતા.હવે તો નિવૃત હતા.સવાર સાંજ મંદિરે જઈ ધર્મની વાતો કરતા.ભોજનના સમયે ઘરે આવતા અને ભોજન કરી આરામ કરતા હતા.

રમણદાદાની ઉંમર વધવાના કારણે તે વધારે અશક્ત થવા લાગ્યા.શરીર નબળું થવા લાગ્યું હતું.જમવા માટે બધા સાથે બેસે.સરસ રીતે ભોજન કરે.પણ ક્રોઈ કોઈ વાર ખાતી વખતે તેમના હાથમાંથી ચમચી છટકીને નીચે પડી જાય.દાળ નીચે ઢોળાય

જાય.તો કોઈ વાર વાટકો કે થાળી હાથમાંથી છટકી જાય.કાચનાં વાસણ નીચે પડીને તૂટી જાય.

કમલેશની પત્ની વીણાને આ ગમતુ નહોતું.એક દિવસ કમલેશને વીણાએ કહ્યુ "બાપુજી દિવસે દિવસે નાના બાળક જેવા થતા જાય છે. ઘણા થાળી વાટકા ભાંગી ગયા. એ ખાવાનું ઢોળે તો સાફ કરીને થાકી ગઈ છું એમને નાના ટેબલ ઉપર લાકડાના વાટકામાં ખાવાનું આપીએ તો?'

કમલેશે કહ્યુ " એમાં શુ? આપણે થોડુ સહન કરી લેવાનું. હવે બાપુજી ઘરડા થઈ ગયા છે.આપણે એમને સાચવવાના. કહેવત છે ને વૃદ્ધત્વ એટલે બાળપણ" વીણા એ વખતે ચૂપ થઈ ગઈ. પણ થોડા થોડા દિવસે કમલેશ સાથે આ વિશે ઝઘડવા લાગી.આખરે કમલેશ થાક્યો.એણે બાપુજી માટે નાનું જમીન પર બેસીને જમી શકાય એવું ટેબલ બનાવ્યું લાકડાનો વાટકો લઈ આવ્યો. બાપુજીને નીચે બેસાડીને એમાં ખાવાનું આપવા માંડયું. ભોજન કરવા બેસતાં બાપુજીની આંખમાં આસું આવી ગયાં પરંતુ "હશે ભગવાનની ઈચ્છા કહીને જમી લેતા."

એક દિવસ વીણાએ કમલેશને કહ્યું " પાંચ દિવસથી આપણો સોનુ લાકડું લઈને કશુંક બનાવી રહયો છે. જરા જૂઓ તો ખરા એ શુ બનાવે છે." કમલેશે સોનુન પૂછયું "બેટા શું બનાવી રહયો છે તને મદદ કરું?"સોનુ બોલ્યો " હા પપ્પા મદદ કરોને હું લાકડાનો વાટકો જ બનાવી રહયો છું પણ મારાથી બનતો જ નથી."કમલેશ બોલ્યો "કેમ તારે લાકડાનો વાટકો બનાવવો છે?" સોનુ બોલ્યો "જ્યારે હું મોટો થઈશ અને તમે વૃદ્ધ થશો ત્યારે તમારી અને મમ્મીની માટે લાકડાના વાટકા જોઈશે ને? એક વાટકો તો દાદાજીનો છે જ પણ બીજો તો મારે બનાવીને રાખવો પડે ને?"

આ સાંભળી કમલેશની આંખમાં આંસુ આવ્યા તેને સમજાઈ ગયું કે તેનો દીકરો જે જોશે તે જ શીખશે. તેણે વીણા સામે જોઈને ગુસ્સાથી કહ્યુ " કાલથી બાપુજી આપણી સાથે બેસીને આપણી જેમજ જમશે નાનો હતો ત્યારે મેં પણ કેટલાય વાસણો તોડેલા,ખાવાનું ઢોળ્યું હતું ત્યારે બાપુજીએ મારા માટે લાકડાનો વાટકો નહોતો બનાવડાવ્યો.

૧ ધરમપુરમાં લોકોને શાની હવા લાગી હતી ?

| |
|---|
| |
| |
| |
| |
| |

૨ રમણલાલ પોતાનો દિવસ કેવી રીતે પસાર કરતા હતા?

૩ વીણાને શું નહોતુ ગમતુ?

૪ આ વાર્તામાંથી તમને શો બોધપાઠ મળે છે ?